ક્રમાંક : ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/૧૪૦૨૪-૧૪૦૫૮

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૨૧/૦૫/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

વિષય : રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા બાબત

સંદર્ભ:- (૧) આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અ-૧/માધ્ય/૨૦૧૮/૭૩૫૩-૮૭ (તા.૦૫/૦૪/૨૦૧૮)
(૨) આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અ-૧/માધ્ય/૨૦૧૮/૭૬૮૫-૭૭૨૦ (તા.૧૧/૦૪/૨૦૧૮)
(૩) આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૧૯૧૮-૫૧ (તા.૧૯/૬/૨૦૧૮)
(૪) આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૨૯૮૭-૧૩૦૨૦ (તા.૨૯/૬/૨૦૧૮)
(૫) આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૨૪૮૩-૫૧૬ (તા.૨૨/૬/૨૦૧૮)
(૬) આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૩૫૦૧-૩૫ (તા.૦૩/૭/૨૦૧૮)
(૭) આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૩૮૧૮-૫૧ (તા.૦૬/૭/૨૦૧૮)
(૮)આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૫૯૬૨-૯૫ (તા.૨૭/૨/૨૦૧૯)
(૯) આ કચેરીના પત્ર ક્રમાંક : ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૭૬૮૪-૭૭૧૭ (તા.૧૬/૩/૨૦૧૯)

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ના જાહેરનામા તેમજ વખતો વખત થયેલા સુધારા અન્વયે આચાર્યની ભરતી પ્રક્રિયા અંતર્ગત રાજ્ય કક્ષાની સમિતી દ્વારા જાહેરાતમાં સમાવેલ શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યા પર જિલ્લા કક્ષાની શાળા પસંદગી સમિતિના ઈન્ટરવ્યુ માટે ઉમેદવારોની ફાળવણી કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબની સૂચનાઓને ધ્યાને રાખી આગામી ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરવા જણાવવામાં આવે છે.

(1) સમગ્ર રાજ્યની રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયાની ઈન્ટરવ્યુનો કાર્યક્રમ આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે. તે મુજબ જ ઈન્ટરવ્યુની કામગીરી પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે. કોઈપણ જિલ્લો આ કાર્યક્રમમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહીં. દરેક જિલ્લામાં સમગ્ર ઈન્ટરવ્યુ પ્રક્રિયાનું આયોજન એક જ સ્થળે કરવાનું રહેશે, જેથી એક જ જિલ્લાની અલગ અલગ શાળાઓ પસંદ કરનાર તમામ ઉમેદવારોની ઈન્ટરવ્યુની તક જળવાઈ રહે તે પ્રકારે જિલ્લા કક્ષાએ ઈન્ટરવ્યુ પ્રક્રીયાનું આયોજન થઈ શકે. આ અંગે મકાનની વ્યવસ્થા જિ.શિ.અ.શ્રીએ કરવાની રહેશે અને જો આ અંગે ભાડાનો ખર્ચ ઉપસ્થિત થાય તો તે રાજ્ય કક્ષાની ભરતી પસંદગી સમિતિ પાસેથી સ્થાયી સૂચનાઓ અનુસાર મેળવવાનો રહેશે.

(2) દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પોતાના જુથના જીલ્લાના ઉમેદવારો પૈકી કોઈ ઉમેદવાર પોતાના જિલ્લામાં ઈન્ટરવ્યું આપવા આવનાર હોવાની બાબત ધ્યાન પર આવેતો સંબધિત જિલ્લા ના જિલ્લા શિક્ષણાધિકારી સાથે પરામર્શ કરી ઈન્ટરવ્યુંની તારીખનું એ રીતે આયોજન કરવું કે જેથી આવા ઉમેદવાર બન્ને જિલ્લામાં ઈન્ટરવ્યું આપી શકે એટલેકે આવા ઉમેદવારે પસંદ કરેલી શાળાનું ઈન્ટરવ્યું એકથી વધુ જીલ્લામાં એક જ તારીખે ન થાય તેની તકેદારી રાખવી.

Scanned by CamScanner

(3) જિલ્લાની આચાર્ય ભરતી માટે સમાવેશ કરેલ શાળાઓ પૈકી કઈ શાળાનું ઈન્ટરવ્યુ અત્રેથી ફાળવેલ દિવસો પૈકી કયા દિવસે યોજવું તે જિ.શિ.અ.શ્રીએ નક્કી કરવાનું રહેશે. શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ના જાહેરનામાની જોગવાઈ-(૫) મુજબ શાળા પસંદગી સમિતિની રચના દરેક શાળામાં કરવાની રહેશે. તમામ સમિતિઓમાં ઉપરોક્ત જોગવાઈ મુજબ ૫(પાંચ) સભ્યો નિમવાના રહેશે. સંબધિત ઠરાવની જોગવાઈ મુજબ તે પૈકી ૩(ત્રણ) સભ્યો હાજર હશે તો સમિતિનું કોરમ પૂર્ણ થયેલું ગણાશે. પરંતુ પ્રત્યેક સમિતિમાં જિ.શિ.અ.શ્રી અથવા શિક્ષણ નિરીક્ષકશ્રી ફરજિયાતપણે હાજર હોવા જોઈશે. જે શાળાનું ઈન્ટરવ્યુ હોય તે શાળાના તાલુકા બહારના કેળવણીકાર (મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં તાલુકા ન હોવાથી તાલુકાના સ્થાને કોર્પોરેશન ઝોન વિસ્તાર ધ્યાને લેવો.) તરીકે સંચાલક મંડળ જિલ્લા શિક્ષણાધિકારીની પરામર્શમાં રહીને ભલામણ કરેલ હોય તેઓને પસંદ કરવાના રહેશે. અન્ય બે સભ્યો જે શાળાનું ઈન્ટરવ્યુ હોય તે શાળાના સંચાલક મંડળ દ્વારા પસંદ કરેલ હોય તેવા નિયુક્ત કરવાના રહેશે.

(૪) અત્રેથી આપવામાં આવેલ ઈન્ટરવ્યુ કાર્યક્રમમાં સૂચવ્યા મુજબની સંખ્યામાં દરેક જિલ્લાએ શાળા પસંદગી સમિતિની પેનલોની રચના કરવાની રહેશે.તે અર્થે જિલ્લામાં શિક્ષણ નિરીક્ષકની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ માટે અન્ય કોઈ વર્ગ-૨ના આચાર્ય/શાસનાધિકારી/અન્ય અધિકારીને આપની કક્ષાએથી ચાર્જ આપવાનો રહેશે.

(5) શિ.વિ.ના તા.25/7/17 ના જાહેરનામામાં ઈન્ટરવ્યુ પ્રકીયામાં હાજર રહેનાર ઉમેદવારોના કોરમનો ઉલ્લેખ ન હોઇ, ઉમેદવારોનું કોરમ ધ્યાને લેવાનું રહેશે નહી. એટલેકે, જીલ્લા પસંદગી સમિતી સમક્ષ જેટલા ઉમેવારો ઉપસ્થિત રહે તેમાંથી જ પસંદગી કરવાની રહેશે.

(6) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દરેક શાળા પસંદગી સમિતિના અધ્યક્ષ રહેશે અને સભ્ય સચિવ તરીકે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષક રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જે સમિતિમાં હાજર હોય તે સમિતિમાં અધ્યક્ષ તરીકે સહી કરવાની રહેશે. અન્ય સમિતિઓમાં અધ્યક્ષની ગેરહાજરી ગણાશે.

(7) પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોના મેરીટ અને શાળા પસંદગીના વિકલ્પના આધારે ફાળવવામાં આવનાર શાળાવાર ઉમેદવારોની યાદીના આધારે દરેક ઉમેદવારોને શાળા સંચાલક મંડળ અને જિલ્લા શિક્ષણાધિકારીના સંયુક્ત પત્રથી રૂબરૂ મુલાકાત માટે જાણ કરશે.

(8) જે ઉમેદવારને અગાઉ કોઈ શાળાનો નિમણૂંક હુકમ મળેલ હોય અને તે ઉમેદવાર ત્યારબાદ અન્ય કોઈ શાળાના ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત રહેશે. તો તે ઉમેદવાર પાસેથી અગાઉની પ્રથમ ક્રમ ની પસંદગી રદ્દ કરવાની લેખિત સંમતિ ઈન્ટરવ્યુ શરૂ કરતા પહેલાં મેળવી લેવાની રહેશે. આ પ્રકારના ઉમેદવાર પ્રથમ ક્રમે પસંદ થશે તો અગાઉ અન્ય તમામ જગ્યાએ તેની પ્રથમ ક્રમે થયેલ પસંદગી રદ થયેલી ગણાશે.

આ અંગે ઈન્ડેક્ષ-બી મારફત એક કોમન પોર્ટલ બનાવવામાં આવશે. જેના પર દરેક DEO શ્રી Login કરી રોજેરોજ પસંદ થયેલા ઉમેદવારની યાદી ફીડ કરશે.દરેક પસંદગી સમિતિએ ઈન્ટરવ્યું શરૂ કરતાં પહેલાં આ પોર્ટલમાં કોઇપણ જીલ્લાની કોઇપણ શાળામાં પસંદ થયેલ પ્રથમ ક્રમના ઉમેદવારની ચકાસણી કરી લેવાની રહેશે અને જો આ પ્રકારના કોઈ ઉમેદવાર ઈન્ટરવ્યુંમાં હાજર હોય તો તેમની પાસેથી ઉપર દર્શાવ્યા મુજબની લેખિત સંમતિ મેળવી લેવાની રહેશે. આ પ્રકારના ઉમેદવાર પ્રથમ ક્રમે પસંદ થાય તો તેની જાણ ઉમેદવાર અગાઉ જે જીલ્લામાં પસંદ થયો હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ને કરીને પોર્ટલ પરથી તેનું અગાઉનું નામ રદ કરાવવાનું રહેશે અને પોતાના જીલ્લાની શાળામાં પસંદ થયેલા આવા ઉમેદવારનું નામ પોર્ટલ પર ચડાવવા નું રહેશે. આ કાર્યવાહી જે તે દિવસે જ પૂર્ણ કરવાની રહેશે. (પોર્ટલ ઓપરેટ કરવાની વિશેષ માહિતી પછીથી પૂરી પાડવામાં આવશે.) સમાંતર પ્રકારની કાર્યવાહી એક જ જિલ્લાની શાળાઓની ઈન્ટરવ્યુ પ્રક્રિયા દરમિયાન પણ કરવાની રહેશે.

Scanned by CamScanner

(9) તા.૨૫/૦૭/૧૭ના જાહેરનામામાં કોઇપણ ઉમેદવાર જગ્યા પર પોતાનો હક્ક જતો કરી શકશે તેવી જોગવાઈ ના હોવાથી ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત થનાર કોઇપણ ઉમેદવાર આવું લખાણ આપી શકશે નહીં. મતલબ કે કોઈ ઉમેદવાર જો અગાઉ કોઈ જગ્યાએ પ્રથમ ક્રમે પસંદ થયો હોય (મુદ્દા નં.૮માં સૂચવ્યા મુજબ) તે સિવાય ઉમેદવાર ઈન્ટરવ્યુમાં આવું લખાણ આપી શકશે નહીં. અન્યથા આવુ લખાણ આપનાર ઉમેદવારની ઉમેદવારી શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૧૭ના જાહેરનામાની જોગવાઈ-૧૫(જી TO આઈ) મુજબ રદ કરવામાં આવશે અને આવા ઉમેદવાર આગામી ૦૫ વર્ષ સુધી આચાર્ય ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ગેરલાયક ઠરશે.

(10)શાળા પસંદગી સમિતિ દ્વારા શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામાની જોગવાઇ ૧૦(૪)માં રૂબરૂ મુલાકાત સમયે નક્કી થયેલ કુલ ૧૦ માપદંડો (a to j) માં મહત્તમ ૪૦ ગુણ આપવાની જોગવાઇ છે. પ્રત્યેક માપદંડ માટે મહત્તમ ૪ ગુણ લેખે રૂબરૂ મુલાકાતમાં ગુણાંકન કરવાનું રહેશે, આમ કુલ ૧૦ માપદંડના પ્રત્યેકના ૪ ગુણ લેખે કુલ ૪૦ ગુણનું મૂલ્યાંકન કરવાનું રહેશે. ૦.૫ (૧/૨) ગુણનાં ગુણાંકનમાં ગુણ આપી શકાશે. ૧૦ માપદંડો પૈકી કોઈ માપદંડમાં ઉમેદવારને શૂન્ય (0) ગુણ આપી શકાશે નહીં.

(11)શાળા પસંદગી સમિતિ દ્વારા ૪૦ ગુણાંકનમાંથી આપવામાં આવેલ ગુણ અને રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોની લાયકાત અને આચાર્ય માટેની TAT-૨૦૧૪/HMAT-૨૦૧૭ ના ગુણાંકનના આધારે તૈયાર થયેલ મેરીટ ગુણનો (૧૦૦ ગુણમાંથી) સરવાળો કરી સંયુક્ત ૧૪૦ ગુણમાંથી મેરીટના ગુણાંકનના આધારે સૌથી વધુ ગુણાંકન વાળા મહત્તમ પ્રથમ ૩ ઉમેદવારોની યાદી તૈયાર કરવાની રહેશે અને જિલ્લા પસંદગી સમિતિએ તે જ દિવસે ઠરાવ તેમજ અન્ય સંબંધિત કાર્યવાહી પૂર્ણ કરી પ્રથમ ૩ ઉમેદવારોની યાદી નોટીસબોર્ડ પર જાહેર કરવાની રહેશે.

(12)ઈન્ટરવ્યુના દિવસે જ પ્રથમ ક્રમે પસંદગી પામેલ ઉમેદવારને જિ.શિ.અ.શ્રી દ્વારા ભલામણપત્ર આપવાના રહેશે. અને શાળા સંચાલકમંડળે તે જ દિવસે પ્રથમ ક્રમે પસંદ પામેલ ઉમેદવારને નિમણૂક હુકમ આપવાનો રહેશે. પરંતુ જો ઉમેદવાર રાજ્ય બહારની યુનિવર્સીટી બહારની લાયકાતો ધરાવતો હોય તો તેવા કિસ્સાઓમાં સદર કચેરીના સંદર્ભદર્શિત પત્ર-૨ની મુદ્દા નં.૧૪ મુજબની સૂચના અનુસરવાની રહેશે.

(13) શાળા સંચાલક મંડળ દ્વારા ભરતી સબબનો તમામ ઓરિજિનલ રેકોર્ડ સાચવવાનો રહેશે. આ તમામ રેકર્ડની એક પ્રમાણિત નકલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ઈન્ટરવ્યુ પુરૂ થયા બાદ તુરંત જ મેળવી લેવાની રહેશે અને તેને કચેરીમાં સાચવવાની રહેશે.

(14)પ્રથમ ક્રમે પસંદ થનાર દરેક ઉમેદવારને હાજર થવા માટે તા.૧૬/૮/૨૦૧૯ સુધીનો સમય આપવાનો રહેશે.

(15)નામ.હાઈકોર્ટના SCA No.2430/18 ના તા.૧૦/૫/૨૦૧૮ના આદેશ અન્વયે ઈન્ટરવ્યુ પ્રક્રીયાના કૉલલેટર તેમજ સંબંધિત પત્રવ્યવહાર/ઠરાવ/ભલામણપત્ર/નિમણૂક આદેશમાં ઉમેદવારોની નિમણૂક SCA No.2430/18 ના અંતિમ ચૂકાદાને આધિન રહેશે. તેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(16) જિલ્લા કક્ષાએ શાળા પસંદગી સમિતિ દ્વારા ઈન્ટરવ્યુની કાર્યવાહીમાં એકસૂત્રતા જળવાય તે માટે નમૂનારૂપ ૧ થી ૧૦ પત્રકો આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

Scanned by CamScanner

(17) દરેક જિલ્લાના ઈન્ટરવ્યુ સ્થળે બિનજરૂરી જનમેદનીના કારણે ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં અડચણો ઉપસ્થિત ના થાય તે હેતુથી ઈન્ટરવ્યુના સ્થળે જે-તે દિવસે જે ઉમેદવારોનું ઈન્ટરવ્યુ હોય તે જ ઉમેદવારો, જિલ્લા પસંદગી સમિતિના સભ્યો, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના તથા સંબંધિત શાળાઓના જરૂરી કર્મચારીઓને જ ઉપસ્થિત રાખવાના રહેશે.

ઉપરોક્ત તમામ મુદાઓ અન્વયે આપની કક્ષાએથી અંગત રસ દાખવી સુવ્યવસ્થિત આયોજનપૂર્વક ઈન્ટરવ્યુ પ્રક્રિયા અને તેની તમામ આનુસંગીક પ્રક્રિયા પૂર્ણ કરશો તેવી અભ્યર્થના સહ.

સભ્ય સચિવ વ સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.,ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

Scanned by CamScanner